બિઝનેસ ભાસ્કર
Business Standard અને TheEconomist સમાચારોની સાથે
સૌરાષ્ટ્ર સમાચાર, ભાવનગર, શનિવાર, 9 મે, 2026 | 10

## બિઝનેસ Utility

બજારને લગતી રોજબરોજના ભાવની વધઘટ નીચે મુજબ છે.

### ભાવનગર બુલિયન માર્કેટ

| | | | |
|---|---|---|---|
| ચાંદી ચોરસા | 248000 | દાગીના પરત | 141060 |
| દાગીના 916 | 143060 | સોનુ 999 | 155500 |

(આં.રા. ભાવ 8 વાગ્યા સુધીના)

### ભાવનગર-રાજકોટ તેલ બજાર

| | | | |
|---|---|---|---|
| **ભાવનગર તેલબજાર** | | શીંગતેલ તેલીયા | 2465/2466 |
| શીંગતેલ લુઝ | 1575/1600 | શીંગ ખોળ | 36000/0000 |
| શીંગતેલ તેલીયા કર વિના | 2465/2466 | શીંગ જાડી | 1350/1360 |
| શીંગખોળ | 36000/0000 | શીંગ જીણી | 1550/1600 |
| **રાજકોટ છેલ્લા ભાવ** | | ખાંડ સી | 4420/4480 |
| શીંગતેલ લુઝ | 1575/1600 | ખાંડ ડી | 4320/4380 |
| (5 ટકા ટેક્ષ + ખર્ચ અલગ) | | કપાસીયા વોશ | 1430/1435 |

### ભાવનગર બજાર

| | | | |
|---|---|---|---|
| **ખાદ્ય તેલ (કર સાથે 15 Kg.)** | | **ખાંડ** | |
| રાણી સિંગતેલ | 3050 | ખાંડ M/30 મહા. | 4400 |
| ગુલાબ સિંગતેલ | 3080 | ખાંડ S/30 મહા. | 4250 |
| રાણી કપાસીયા | 2660 | ખાંડ M/30 ગુજ. | 4400 |
| ગુલાબ કપાસીયા | 2650 | ખાંડ S/30 ગુજ. | 4250 |
| શ્રીજી કપાસીયા | 2480 | **સોપારી** | |
| શ્રી પામોલીન તેલ | 2350 | સીંગલ છોલ મોરા | 600-620 |
| દરવેશ તલતેલ | 3450 | સીંગલ છોલ મોટી | 550-570 |
| (કર સાથે 13 KG) | | **ખોળ કપાસીયા** | |
| રાણી શીંગતેલ | 2740 | કપાસીયા કલ્યાણ | 5000 |
| ગુલાબ શીંગતેલ | 2780 | કપાસીયા સુરતી | 5000 |
| રાણી કપાસીયા | 2380 | કપાસીયા વરાડી | 4900 |
| ગુલાબ કપાસીયા | 2280 | **અનાજ** | |
| રાણી સનફલાવર | 2680 | જુવાર પીળી | 3000-3200 |
| જેમીની સનફલાવર | 2660 | મગ ચીમકી | 9000-9400 |
| કોનડ્રોપ મકાઈ | 2450 | ચણાદાળ | 8100-9900 |
| રાણી મકાઈ | 2300 | મગ ચીનાઈ | 10000-11000 |
| ગુલાબ સનફ્લાવર | 2650 | તુવેરદાળ ચાલુ | 9500-11500 |

### માર્કેટ યાર્ડ

| | | | |
|---|---|---|---|
| **ભાવનગર** | | જુવાર | 425-940 |
| શીંગ મગડી | 1539-1628 | બાજરી | 355-522 |
| શીંગ ગીરનાર | 1500-1500 | ઘઉ ટુકડા | 454-541 |
| તલ સફેદ | 1570-2576 | મકાઈ | 401-401 |
| તલ કાળા | 2400-3531 | અડદ | 505-1520 |
| ઘઉ | 390-500 | મગ | 1075-2400 |
| બાજરી | 320-542 | મેથી | 1300-1475 |
| જુવાર સફેદ | 380-520 | ચણા | 917-1051 |
| અડદ | 1527-1581 | તલ સફેદ | 1500-2261 |
| મગ | 1500-1701 | તલ કાળા | 1800-3600 |
| મેથી | 1000-1222 | તુવેર | 1050-1272 |
| જીરૂ | 3725-3725 | જીરૂ | 2801-3925 |
| ચણા | 976-1063 | ડુંગળી લાલ | 60-280 |
| ચણા છોલે | 1400-1400 | ડુંગળી સફેદ | 214-303 |
| તુવેર | 1140-1190 | કપાસ શંકર | 1395-1855 |
| એરંડા | 1111-1240 | નાળીયેર | 315-2390 |
| સુવાદાણા | 1520-1520 | **પાલિતાણા** | |
| કપાસ | 1151-1756 | મગફળી | 1335-1425 |
| ડુંગળી લાલ | 141-211 | બાજરો | 323-468 |
| ડુંગળી સફેદ | 196-196 | ઘઉ | 413-499 |
| **તળાજા** | | ચણા | 877-1008 |
| શીંગ મગડી નવી | 1380-1617 | તલ સફેદ | 1600-2020 |
| શીંગ જી-20 | 1203-1421 | તલ કાળા | 1720-3000 |
| તલ સફેદ | 1750-2160 | જુવાર | 337-407 |
| તલ કાળા | 1965-3450 | કપાસ | 1435-1825 |
| ઘઉ ટુકડા | 400-494 | મેથી | 900-1125 |
| બાજરી | 330-550 | એરંડી | 921-1240 |
| જુવાર | 400-448 | તુવેર | 900-1120 |
| અડદ | 1562-1604 | રાય | 990-1200 |
| મગ | 1300-1691 | બટેટા | 300-500 |
| ચણા | 950-1056 | ટમેટા | 400-600 |
| તુવેર | 825-1240 | **રાજુલા** | |
| ધાણા | 1500-2145 | સીગ | 1212 - 1212 |
| મેથી | 1060-1060 | તલ સફેદ | 1850 - 2141 |
| રાય | 1100-1100 | તલ કાળા | 2400 - 3347 |
| કપાસ | 1450-1588 | કપાસ | 1400 - 1830 |
| **મહુવા** | | બાજરો | 325 - 551 |
| શીંગ ગીરનાર | 1202-1392 | ઘઉ ટુકડા | 431 - 516 |
| શીંગ ઉનાળુ નવી | 1421-1615 | મકાઈ | 250 - 250 |
| | | અડદ | 1501 - 1501 |
| શીંગ-39 | 1202-1471 | તુવેર | 1226 - 1226 |
| શીંગ જી-20 | 1250-1473 | ચણા | 800 - 1050 |
| એરંડા | 1090-1270 | સોયાબીન | 1150 - 1150 |

### ક્રૂડ ઓઈલ વધી ફરી 100 ડોલરને ક્રોસ થતા તેમજ રૂપિયો ડોલર સામે નબળો પડવાથી ઘટાડો

# પશ્ચિમ એશિયામાં તણાવ-નબળા કોર્પોરેટ અર્નિંગ્સથી સેન્સેક્સ 516 ડાઉન, નિફ્ટી મિડકેપ નવી ઊંચાઈએ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે સ્થાનિક શેરબજારમાં ફંડામેન્ટલ નિરસ રહ્યાં છે. અમેરિકાએ કેટલાક ઈરાની લક્ષ્યોને નિશાન બનાવ્યા, પરંતુ એમ પણ કહ્યું કે તે તણાવ વધારવા માંગતું નથી. જોકે, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ બ્રેન્ટ ક્રૂડ $101 બોલાઈ રહ્યું છે જેના કારણે સેન્સેક્સ અંતે 516.33 પોઈન્ટ ઘટીને 77328.19 બંધ રહ્યો હતો. ઈન્ટ્રા-ડેમાં 77146.43 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી 150.50 પોઈન્ટ ઘટીને 24,176.15 બંધ રહ્યો. લાર્જકેપની તુલનાએ સ્મોલ અને મિડકેપમાં ફંડામેન્ટલ તેજી તરફી રહ્યાં છે. નિફ્ટી મિડકેપ 100 ઈન્ડેક્સ ઓલટાઈમ હાઈ 62113.85 પર પહોંચ્યો હતો. રોકાણકારોની મૂડી નજીવી ઘટી 473.47 લાખ કરોડ રહી છે. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો 25 પૈસા નબળો પડી 94.48 પર બંધ થયો.

સેન્સેક્સ પેકમાં એસબીઆઈનો શેર 6.75% ઘટ્યો હતો. ઉપરાંત HDFC બેંક, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં પણ ઘટાડાનો ટોન રહ્યો હતો. રૂપિયામાં સતત નબળાઈ અને સપ્તાહના અંત પહેલા સાવચેતીભરી સંસ્થાકીય સ્થિતિએ જોખમ લેવાની ક્ષમતાને વધુ મર્યાદિત કરી. હોર્મુઝ સ્ટ્રેટ નજીક યુએસ-ઈરાન લશ્કરી કાર્યવાહી બાદ બજારોમાં મિશ્ર ટ્રેન્ડ હતો જેના કારણે યુદ્ધવિરામની આશા નબળી પડી અને પ્રોફિટબુક શરૂ થયું હોવાનું જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના વિનોદ નાયરે જણાવ્યું હતું. સેક્ટોરલ ઈન્ડેક્સમાં બેન્કિંગ 1.18 ટકા, ફાઈ. 1.25 ટકા, ઓઈલ 1.03 ટકા ઘટ્યા હતા જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ 2.01 ટકા, સર્વિસિસ 1.19 ટકા વધ્યા છે.

#### SBI : નફો વધ્યો; પરંતુ અપેક્ષા કરતાં ઓછો શેર 7% ઘટ્યો

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક SBI એ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ₹19,684 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો જે 5.6% વૃદ્ધિ નોંધાવે છે. પરંતુ બજારની અપેક્ષાઓ કરતાં ઓછો છે. કુલ આવક ગયા ક્વાર્ટરમાં 2.4% ઘટીને ₹1,40,412 કરોડ રહી હતી. પ્રી-પ્રોવિઝન ઓપરેટિંગ નફો ત્રિમાસિક ગાળામાં 16% અને વાર્ષિક ધોરણે 11% ઘટીને ₹27,704 કરોડ થયો. જેણે બજારને સૌથી વધુ નિરાશ કર્યું પરિણામે બીએસઈ પર શેર 6.62% ઘટીને 1,019.55 પર બંધ રહ્યો હતો. રૂ.17.35 પ્રતિ શેર ડિવિડન્ડની રજૂઆત કરી છે.

#### સ્મોલકેપમાં મજબૂતી, લાર્જકેપમાં હજુ નિરાશા યથાવત્

નિફ્ટી મિડકેપ 0.15 ટકા ઘટ્યો હતો જ્યારે નિફ્ટી સ્મોલકેપ 0.22 ટકા વધ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન, નિફ્ટી મિડકેપ 100 62,113.85 પોઈન્ટના નવા રેકોર્ડ પર પહોંચ્યો હતો. નિફ્ટીમાં SBI, એપોલો હોસ્પિટલ્સ અને એશિયન પેઈન્ટ્સ સૌથી વધુ વધ્યા હતા. સેક્ટર મુજબ નિફ્ટી PSU બેંક, નિફ્ટી પ્રાઈવેટ બેંક અને નિફ્ટી બેંકમાં સૌથી વધુ ઘટાડો થયો હતો. નિફ્ટી IT વધ્યો હતો.

#### માર્કેટબ્રેડ્થ નેગેટિવ, FIIની વેચવાલી યથાવત્

માર્કેટબ્રેડ્થ નેગેટિવ રહેવા સાથે સેન્ટીમેન્ટ સાવચેતી તરફીનું રહ્યું છે. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ 4406 પૈકી 2020 સ્ક્રીપ્સમાં સુધારો અને 2217 સ્ક્રીપ્સમાં ઘટાડો નોંધાયો હતો. જે દર્શાવે છે કે, માર્કેટબ્રેડ્થ નેગેટીવ રહેવા સાથે માર્કેટ સેન્ટિમેન્ટ હજુ સાવચેતી તરફી રહ્યું છે. સેન્સેક્સ પેકમાં 14 સ્ક્રિપ્સ વધી હતી. 219 સ્ક્રીપ્સમાં વર્ષની ટોચ સામે 23 સ્ક્રીપ્સમાં વર્ષની બોટમ જોવા મળી હતી. જ્યારે 7 સક્રીપ્સમાં અપર સર્કિટ તથા 9 સ્કીપ્સમાં લોઅર સર્કિટ લાગી હતી. વિદેશી રોકાણકારોની 3621.58 કરોડની વેચવાલી સામે સ્થાનિક રોકાણકારોની 2602.62 કરોડની ખરીદીનો સપોર્ટ રહ્યો હતો.

## સોના-ચાંદીમાં મજબૂતી, સોનું સપ્તાહમાં ઝડપી રૂ.3500 ઉછળ્યું

**અમદાવાદ|** બૂલિયન માર્કેટમાં ફરી ટ્રેન્ડ તેજી તરફી રહ્યો છે. વૈશ્વિક સ્તરે સતત વધી રહેલી અનિશ્ચિતત્તાના માહોલ વચ્ચે અને ડોલર ઈન્ડેક્સની બે તરફી મૂવમેન્ટથી ભાવ મક્કમ રહ્યાં છે. કોમેક્સ ગોલ્ડ વધી 4735 ડોલર અને કોમેક્સ સિલ્વર 81.82 ડોલર ક્વોટ થઈ રહી છે. વૈશ્વિક બજાર પાછળ સ્થાનિકમાં પણ ભાવ મજબૂત રહ્યાં હતા. અમદાવાદ ખાતે સોનું પ્રતિ 10 ગ્રામ વધુ રૂ.500 વધી 1.56 લાખ બોલાઈ ગયું છે. ચાલુ સપ્તાહમાં સોનામાં રૂ.3500ની તેજી આવી છે. જ્યારે ચાંદી પ્રતિ કિલોગ્રામ રૂ.2000 વધી રૂ.2.52 લાખ બોલાતી હતી. હાજર પાછળ વાયદામાં પણ તેજી રહી છે. જાન્યુઆરીના અંતમાં સોનાના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા હતા પરંતુ ત્યારથી તે સાંકડી રેન્જમાં વેપાર કરી રહ્યા છે. આનો લાભ લઈને, અનેક દેશોની સેન્ટ્રલ બેંકોએ મોટા પાયે સોનાની ખરીદી કરી છે. વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન જાન્યુઆરીથી માર્ચ દરમિયાન સેન્ટ્રલ બેંકોની ખરીદી 36 ટન વધીને 244 ટન થઈ ગઈ. 2024ના ચોથા ત્રિમાસિક ગાળા પછી સેન્ટ્રલ બેંકો દ્વારા આ સૌથી વધુ સોનાની ખરીદી છે. પાંચ વર્ષોમાં સેન્ટ્રલ બેંકોએ પ્રતિ ત્રિમાસિક ગાળામાં સરેરાશ 228 ટન સોનું ખરીદ્યું છે.

### બિટકોઇનનું માર્કેટ વર્ચસ્વ વધી 61%, નવે. 2025 પછીનું સૌથી ઊંચું સ્તર

# ક્રિપ્ટો માર્કેટમાં મજબૂતી: મેક્રો-ઈકોનોમિક અનિશ્ચિતતા, બિટકોઈન $80000 નજીક

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

વૈશ્વિક સ્તરે મેક્રો-ઈકોનોમિક અનિશ્ચિતતા અને ભૌગોલિક રાજકીય તણાવ હોવા છતાં, આ સપ્તાહે ક્રિપ્ટોકરન્સી માર્કેટે શાનદાર મજબૂતી દર્શાવી છે. બિટકોઈન હાલમાં $79,824.17 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે, જ્યારે ઈથેરિયમ $2,280 ની આસપાસ છે. બિટકોઈને $82,000 ના સ્તરે મજબૂત રેઝિસ્ટન્સનો સામનો કર્યા પછી બજાર હાલમાં કોન્સોલિડેશનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું હોવાનું વઝિર એક્સના ફાઉન્ડર નિશ્ચલ શેટ્ટીએ જણાવ્યું હતું. આ સપ્તાહ દરમિયાન સંસ્થાકીય માંગે બજારના સેન્ટિમેન્ટને મજબૂત ટેકો આપ્યો છે. યુએસ સ્પોટ બિટકોઈન ETFs માં જંગી રોકાણ જોવા મળ્યું છે. જાન્યુઆરી પછી પહેલીવાર કુલ ETF ઈનફ્લો $1 બિલિયનને પાર કરી ગયો છે, જેમાં ખાસ કરીને ફિડેલિટીના વાઈસ ઓરિજિન બિટકોઈન ફંડમાં નવું અને મોટું રોકાણ જોવા મળ્યું છે. આ ઉપરાંત, યુએસ સેનેટ દ્વારા 'ક્લેરિટી એક્ટ' પસાર થવાથી ક્રિપ્ટો સેક્ટર માટે નિયમનકારી સ્પષ્ટતામાં નોંધપાત્ર સુધારો થયો છે, જેનાથી રોકાણકારોનો આત્મવિશ્વાસ વધ્યો છે. બિટકોઈનનું માર્કેટ વર્ચસ્વ વધીને 61% પર પહોંચી ગયું છે, જે નવેમ્બર 2025 પછીનું સૌથી ઊંચું સ્તર છે. આ ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે બજારની અનિશ્ચિત સ્થિતિ વચ્ચે રોકાણકારો અન્ય ઓલ્ટકોઈન્સ ની સરખામણીમાં બિટકોઈનમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. બીજી તરફ, ક્રિપ્ટો 'ફિયર એન્ડ ગ્રીડ ઈન્ડેક્સ' ત્રણ મહિના કરતાં વધુ સમયમાં પહેલીવાર "તટસ્થ" ઝોનમાં પાછો ફર્યો છે.

#### વૈશ્વિક પરિબળો અને બ્લોકચેન ટેક્નોલોજીની સ્વીકૃતિ

મેક્રો-ઈકોનોમિક મોરચે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ, ઊંચી યુએસ ટ્રેઝરી યીલ્ડ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવે વૈશ્વિકસ્તરે જોખમ લેવાની વૃત્તિને મર્યાદિત કરી છે. આમ છતાં, ક્રિપ્ટોની સંસ્થાકીય સ્વીકૃતિ મજબૂત રહી છે. વેસ્ટર્ન યુનિયને સોલાના નેટવર્ક પર પોતાનો USD-બેક્ડ સ્ટેબલકોઈન લોન્ચ કર્યો છે. આ ઉપરાંત, જેપી મોર્ગન અને માસ્ટરકાર્ડે રિપલના XRP લેજરનો ઉપયોગ કરીને પ્રથમ વખત ટોકનાઈઝડ સેટલમેન્ટ ટ્રાન્ઝેક્શન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

## ફોરેક્સ રિઝર્વ $7.79 અબજ ઘટી 690.69 અબજ ડોલર નોંધાયું

**મુંબઈ |** દેશનું ફોરેક્સ રિઝર્વ 1 મેના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન $7.79 અબજ ઘટી $690.69 અબજ નોંધાયું છે. ગત સપ્તાહ દરમિયાન ફોરેક્સ $4.82 અબજ ઘટી $698.48 અબજ રહ્યું હતું. આ વર્ષે 27 ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ફોરેક્સ $728.49 અબજના સર્વાધિક સ્તરે પહોંચ્યું હતું. મિડલ ઈસ્ટની શરૂઆત પહેલા ફોરેક્સ સર્વાધિક સ્તરે હોંચ્યું હતું. જો કે મિડલ ઈસ્ટમાં તંગદિલી શરૂ થયા બાદ રૂપિયા પર દબાણ વધ્યું હતું અને આરબીઆઈએ ફોરેક્સ માર્કેટ મારફતે હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી. 1 મેના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન વિદેશી ચલણ અસક્યામતો પણ $2.79 અબજ ઘટી $551.82 અબજ રહી હતી. ફોરેક્સ માર્કેટમાં યુરો, પાઉન્ડ અને યેન જેવી કરન્સમાં વધારા-ઘટાડાની અસરનો સમાવેશ થાય છે. ગોલ્ડ રિઝર્વનું મૂલ્ય $5.021 અબજ ઘટી $115.21 અબજ રહ્યું હતું.

## ક્રૂડમાં તેજીથી ઑઈલ કંપનીને માસિક 30000 કરોડની ખોટ

એજન્સી | નવી દિલ્હી

દરરોજ રૂ.700-1,000 કરોડની ખોટ. દર મહિને રૂ.30,000 કરોડની ખોટ. દેશના રાજ્યોની ઓઈલ કંપનીઓ પેટ્રોલ, ડિઝલ અને એલપીજીની કિંમતોને યથાવત્ રાખવા માટે મોટા પાયે આર્થિક ખોટ સહન કરી રહી છે. યુએસ-ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક સ્તરે એનર્જી માર્કેટ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા તણાવ બાદથી જાપાન તેમજ યુકે જેવા દેશોએ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં 30% સુધી વધારો કર્યો છે. યુદ્ધને કારણે દેશની ક્રૂડ ઓઈલની 40%, એલપીજીની 90% તેમજ નેચરલ ગેસની 65% આયાત પર વિપરીત અસર થઈ છે. આ તમામ પ્રકારની આયાત પર મોટા પાયે અસર થઈ હોવા છતાં રાજ્ય હસ્તકની ઓઈલ કંપનીઓએ છેલ્લા 10 સપ્તાહમાં અછત વગર ઈંધણની વિક્ષેપ વગર સપ્લાય ચાલુ રાખી છે. જો કે તેના માટે કંપનીઓએ મોટા પાયે ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. દેશની ત્રણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ IOC, BPCL અને HPCLને દર મહિને રૂ.30,000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

#### ગ્રાહકો માટે કિંમતો યથાવત્ રાખવા સરકારની પ્રતિબદ્ધતા

ક્રૂડ ઓઈલ જેની કિંમત બે મહિના અગાઉ બેરલદીઠ $70 હતી, તે હવે બેરલદીઠ $120 છે. તેમણે ઉમેર્યું હતું કે ક્રૂડની કિંમતમાં વધારો થવા છતાં દેશના ગ્રાહકો માટે કિંમતોને યથાવત્ રાખવી એ સરકારની પ્રતિબદ્ધતા છે.

## ભારતમાં આવરદા હવે વધી રહી છે પરંતુ ભારતીયો હજુ પણ નિવૃત્તિની યોજના અંગે એટલા સજાગ નથી

**મુંબઈ |** ભારતીયો માટે માત્ર થોડા વર્ષોની અવધિ નથી. જીવનની એક સંપૂર્ણ બીજી ઈનિંગ્સ છે, જેમાં સ્થિર આવક, વધતા આરોગ્ય ખર્ચ અને લાંબા ગાળાની આર્થિક સ્વતંત્રતા જરૂરી બને છે. ઘણા ભારતીયો હજુ પણ નિવૃત્તિની યોજના એવી રીતે બનાવે છે જાણે તે માત્ર 10–15 વર્ષ સુધી જ ચાલવાની હોય. ભારત ઝડપથી બદલાઈ રહ્યું છે. આયુષ્ય વધી રહ્યું છે, આરોગ્ય ખર્ચ મોંઘવારી કરતાં વધુ ઝડપથી વધી રહ્યો છે અને પરંપરાગત કુટુંબ આધારિત સહાય પ્રણાલીઓમાં પરિવર્તન આવી રહ્યું છે. યુવા પ્રોફેશનલ્સ માટે આ એક સ્પષ્ટ પડકાર ઉભો કરે છે: તમે લાંબા સમય સુધી જીવી શકો છો, પરંતુ આ લાંબી જિંદગી માટે જરૂરી ખર્ચ મોટાભાગે તમારે પોતે જ સંભાળવો પડશે. જેના માટે એસબીઆઈ લાઈફ સ્માર્ટ એન્યુઈટી પ્લસ આ જ હેતુને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. બદલાવ છતાં, મોટાભાગની નાણાંકીય યોજના હજુ પણ નિવૃત્તિ માટેનું ભંડોળ એકત્રિત કરવા પર જ કેન્દ્રિત છે, જ્યારે આ ભંડોળ દાયકાઓ સુધી રોજિંદા જીવનને કેવી રીતે ટેકો આપશે તે મુદ્દો ધ્યાનમાં લેવામાં આવતો નથી. મોંઘવારી તથા આરોગ્ય ખર્ચનો સમાવેશ નથી.

#### બીજી ઈનિંગ્સ તરફ નજર

ભારત વધુ લાંબી આવરદા મેળવી રહ્યું છે, આ નિર્વિવાદ છે, પરંતુ શું આપણે તેની તૈયારી કરી રહ્યા છીએ? નિવૃત્તિ કામ છોડવાનું નામ નથી. તે તમારા કાર્યકાળ પછી પણ તમારી આવક ચાલુ રહે તેની ખાતરી કરવાનો પ્રશ્ન છે.

## પ્રૂડન્ટ કોર્પોરેટે રૂ.222 કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો

**અમદાવાદ|** અગ્રણી ફિનટેક કંપની પ્રૂડન્ટ કોર્પોરેટ એડવાઈઝરીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ. 59.1 કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. જે વાર્ષિક ધોરણે 14.3 ટકા વૃદ્ધિ દર્શાવે છે. ગયા વર્ષે સમાનગાળામાં કંપનીએ રૂ. 51.7 કરોડનો નફો રજૂ કર્યો હતો. વર્ષના આખરી ક્વાર્ટરમાં કંપનીની આવક વાર્ષિક ધોરણે 27.4 ટકા વધી રૂ. 360.6 કરોડ પર રહી હતી. ગયા વર્ષે સમાનગાળામાં તે રૂ. 283 કરોડ પર જોવા મળતી હતી. સમગ્ર 2025-26ની વાત કરીએ તો કંપનીએ રૂ. 1317.3 કરોડની કામકાજી આવક દર્શાવી છે. જે 2024-25માં રૂ. 1103.6 કરોડની સરખામણીમાં 19.4 ટકા વૃદ્ધિ સૂચવે છે. જ્યારે સમગ્ર વર્ષ માટે નેટ પ્રોફિટ 13.5 ટકા વધી રૂ. 222.1 કરોડ પર જોવા મળ્યો હતો. કંપનીના એમડી સંજય શાહે જણાવ્યા મુજબ 2025-26નું વર્ષ પ્રૂડન્ટ માટે એક સીમાચિહ્નરૂપ બની રહ્યું હતું. જેમાં કંપનીએ રૂ. 13,911 કરોડનું વિક્રમી ઈક્વિટી એમએફ નેટ સેલ્સ ઉપરાંત 5100 બિઝનેસ પાર્ટનર્સ ઉમેર્યા હતાં.

કંપનીની આવકમાં મુખ્ય વૃદ્ધિનું કારણ મ્યુચ્યુલ ફંડ સેગમેન્ટમાં ત્રિમાસિક સરેરાશ AUMમાં 25.8 ટકા વૃદ્ધિ અને ઈન્શ્યોરન્સ સેગમેન્ટમાં 41.4 ટકાની વૃદ્ધિ જવાબદાર હતી.

### દેશનું શિપબિલ્ડિંગ 2030 સુધીમાં વૈશ્વિક ટોપ-10માં સ્થાન મેળવવા સજ્જ

# ભારતનું શિપબિલ્ડિંગ અને રિપેરિંગ માર્કેટ આગામી પાંચ વર્ષમાં બમણું થશે

**અમદાવાદ |** ભારત તેના વિશાળ દરિયાકાંઠાનો ઉપયોગ કરીને હવે વૈશ્વિક શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રીઝમાં એક મોટી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. 'મેરિટાઈમ ઈન્ડિયા વિઝન 2030' અને 'અમૃત કાલ વિઝન 2047' હેઠળ સરકાર દેશને વિશ્વના ટોચના પાંચ શિપબિલ્ડિંગ હબમાં સ્થાન અપાવવા માટે કમર કસી રહી છે. વર્તમાનમાં વૈશ્વિક શિપબિલ્ડિંગ માર્કેટમાં ભારતનો હિસ્સો 1% થી પણ ઓછો છે, ભારતીય શિપબિલ્ડિંગ માર્કેટ ડબલ ડિજિટ ગ્રોથ સાથે આગળ વધી રહ્યું છે તેને ધ્યાનમાં લેતા પાંચ વર્ષમાં બમણું થવાનો ટાર્ગેટ છે તેવો નિર્દેશ આઈઆઈટી બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને એસએચએમ ગ્રુપના સ્થાપક તથા ચેરમેન સૈફુદ્દીન હાજીએ દર્શાવ્યો હતો. હાલમાં ભારતીય શિપયાર્ડ્સ મુખ્યત્વે સંરક્ષણ જહાજો અને નાના કોમર્શિયલ વેસેલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, પરંતુ હવે ગ્રીન શિપિંગ અને મોટા કાર્ગો જહાજો તરફ વળવાની પ્રક્રિયા ઝડપી બની છે. શિપબિલ્ડિંગ સાથે રિપેર અને રિફર્બિશમેન્ટ ઉપરાંત એસએચએમ વેસલ ટ્રાન્સપોર્ટેશન, ડોકયાર્ડ ઓપરેશન્સ, ફ્યુઅલ મેનેજમેન્ટ તેમજ સર્ટિફાઈડ એન્જિનિયર્સ અને કુશળ કર્મચારીઓ રાખવા સહિત સમગ્ર કામગીરીનું એન્ડ-ટુ-એન્ડ સંચાલન કરશે.

ભારતના અર્થતંત્રમાં મેરિટાઈમ સેક્ટર કરોડરજ્જુ સમાન છે. દેશના કુલ વોલ્યુમ મુજબ 95% અને વેલ્યુ મુજબ 70% વેપાર સમુદ્રી માર્ગે થાય છે. સરકારે 'શિપબિલ્ડિંગ ફાઈ. આસિસ્ટન્સ પોલિસી' હેઠળ સ્થાનિક શિપયાર્ડ્સને આર્થિક સહાય પૂરી પાડી છે.

#### SHM ગ્રુપે ગુજરાતની મરિન ઇકોસિસ્ટમને મજબૂત બનાવી

શિપબિલ્ડિંગ, શિપ મેનેજમેન્ટ અને મેરિટાઈમ સેફ્ટી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક એસએચએમ ગ્રુપને ભુજ સ્થિત બોર્ડર સિક્યોરિટી ફોર્સ તરફથી મિકેનાઈઝ્ડ વેસલ 'સિંધુ' માટે ડોક રિપેર અને મેઈન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. કંપનીને ભારતમાં પ્રથમ ખાનગી એફઆરપી બોટ બિલ્ડિંગ યાર્ડ સ્થાપવા માટે માન્યતા મળી છે, કંપની તેના અલગ-અલગ વર્ટિકલને એક જ ગ્રુપ હેઠળ સામેલ કરશે.

## દેશના ટ્રાવેલ-ટૂરિઝમ સેક્ટરના GDPમાં 7-8 ટકાનું યોગદાન

**અમદાવાદ |** ભારતનું ટૂરિઝમ અને હૉસ્પિટાલિટી ક્ષેત્ર હાલમાં દેશની સૌથી ઝડપી વિકસતી ઈન્ડસ્ટ્રીઝમાંનું એક બની રહ્યું છે. ઈન્ડસ્ટ્રી રિપોર્ટ્સ અનુસાર, ભારતનું ટ્રાવેલ અને ટૂરિઝમ ક્ષેત્ર દેશના GDPમાં આશરે 7-8% જેટલું યોગદાન આપે છે અને આગામી વર્ષોમાં તેમાં વધુ વૃદ્ધિ થવાની સંભાવનાઓ છે. સાથે જ, ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં પ્રીમિયમ હોટેલ્સની માંગમાં 15-20% સુધીનો વધારો નોંધાઈ રહ્યો છે. ગુજરાતમાં વધતા ઔદ્યોગિક રોકાણ, ધાર્મિક પ્રવાસન, હેરિટેજ સર્કિટ્સ અને હાઈવે કનેક્ટિવિટીને કારણે રાજ્ય હવે દેશના મહત્વપૂર્ણ બિઝનેસ અને લેઝર ટૂરિઝમ હબ તરીકે ઉભરી રહ્યું છે. પ્રાઈડ હોટેલ્સ લિમિટેડ એ ઉત્તર ગુજરાતમાં પોતાના વ્યૂહાત્મક વિસ્તરણને વધુ મજબૂત બનાવતાં પ્રાઈડ એલિટ હિંમતનગરમાં રજૂઆત કરી છે. ICRAના અંદાજ મુજબ FY2026 દરમિયાન ભારતમાં પ્રીમિયમ હોટેલ્સનું ઓક્યુપન્સી લેવલ 72% થી 74% વચ્ચે રહેવાની શક્યતા છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

રીજીયનલ સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા, સુર્યા કોમ્પલેક્ષ, પહેલો માળ, ધી ગોલ્ડન ટાઇમ્સ સામે, સ્વતિક ચાર રસ્તા, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ(ગુજરાત)-૩૮૦૦૦૯.
ફોન : ૦૭૯-૭૪૮૬૦ ૧૩૯૮૫ ● ઇમેલ આઇડીઃ sarahm@bankofbaroda.co.in

**ઇ-હરાજી વેચાણ નોટિસ**
સ્થાવર મિલકતનાં વેચાણ માટે સેલ નોટિસ "પરિશિષ્ઠ -૪-એ જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)"

**સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતની ઇ-હરાજીથી વેચાણ અંગેની નોટિસ.**

આથી જાહેર જનતાને સામાન્યપણે અને ઋણકર્તા(ઓ) અને જામીનદાર(ઓ)ને વિશેષરૂપે નોટિસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલકત જે બેન્ક ઓફ બરોડા, સુરક્ષિત લેણદાર, ને ગીરો મુકાયેલ/ બોજો નોંધાવેલ / હાઇપોથીકેટ કરાયેલ છે. તેનો વાસ્તવિક (ભૌતિક) બેન્ક ઓફ બરોડા, સુરક્ષિત લેણદાર, નાં અધિકૃત અધિકારીએ લઇ લીધો છે. તે **"જ્યા છે, જેમ છે, જે કંઇ છે તેના આધારે"**, **કોઇપણ આશ્રય વિના,** નીચે દર્શાવેલ બેન્કનાં ખાતાઓની વસુલાત માટે **નીચે દર્શાવેલ** તારીખો ના રોજ વેચવામાં આવશે. ઋણકર્તાઓ/જામીનદારો/ભાગીદારો/ સુરક્ષિત સંપત્તિઓ / બાકી રકમ/અનામત કિંમત/ઇ-હરાજીની તારીખ અને સમય/ઇએમડીની રકમ અને બીડ વધારવાની રકમ વિગેરે નીચે દર્શાવ્યા મુજબ છે :-

| ક્રમ/ લોટ નં. | ઋણકર્તાઓ / જામીનદારો / ગીરોકર્તાના નામ અને સરનામા | મિલકતો પર જાણીતો બોજો, જો કોઇ હોય તો, તેવી સ્થાવર મિલકતનું વિગતવાર વર્ણન. | કુલ બાકી લેણાં (સંબંધિત ખતામાં જારી કરાયેલ માંગણા નોટીસ મુજબ) | અનામતની રકમ, ઇએમડી ની રકમ અને બીડ વધારવાની રકમ | કબજાની સ્થિતિ (સાંકેતિક / ભૌતિક-ફીઝીકલ) | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | **મે. રાજ સનમાઇકા સેન્ટર,** માલિક : શ્રી મહેશકુમાર રતનલાલ જોધવાણી, કાવેરી કોમ્પલેક્ષ, નવાપરા,ભાવનગર (ગુજરાત) પીન-૩૬૪૦૦૧. અને મે. રાજ પિકચર હાઉસ, માલિક : શ્રી રોહિત મહેશભાઇ જોધવાણી, શોપ નં.૩, કાવેરી કોમ્પલેક્ષ, નવાપરા,ભાવનગર (ગુજરાત)પીન-૩૬૪૦૦૧. જામીનદારા( મે. રાજ પિકચર હાઉસ ના ખાતામાં): (૧) શ્રી રોહિત મહેશભાઇ જોધવાણી, (૨) મીસ. નંદાબેન મહેશભાઇ જોધવાણી, (૩) શ્રીમતિ નિલમબેન મહેશભાઇ જોધવાણી, (૪) શ્રી મહેશકુમાર રતનલાલ જોધવાણી, | **લોટ નં.(૧)** : (૧) સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જે કોમર્શીયલ ગોડાઉન નં.૧૧-એ, ગ્રાઉન્ડ ફ્લોર, કેશરીનંદન કોમ્પલેક્ષ, ભીડભંજન મહાદેવ મંદિરની સામે, ગેલેક્ષી સિનેમા રોડ, નવાપરા, ભાવનગર-૩૬૪૦૦૧ તે મોજે : ભાવનગર ખાતે સ્થિત છે તેનો સિટી સર્વે નં.૫૫, વોર્ડ નં.૭, શીટ નં.૧૩૩, આશરે ક્ષેત્રફળ ૧૫૧.૮૦ ચો.મી. છે. તે શ્રી મહેશકુમાર રતનલાલ જોધવાણીની માલિકીનું છે. ( જે મે. રાજ સનમાઇકા સેન્ટરના ખાતામાં ગીરો મુકેલ છે.) અને (૨) સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જે કોમર્શીયલ ગોડાઉન નં.૧૧-બી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશરીનંદન કોમ્પલેક્ષ, ભીડભંજન મહાદેવ મંદિરની સામે, ગેલેક્ષી સિનેમા રોડ, નવાપરા, ભાવનગર-૩૬૪૦૦૧ તે મોજે : ભાવનગર ખાતે સ્થિત છે તેનો સિટી સર્વે નં.૫૫, વોર્ડ નં.૭, શીટ નં.૧૩૩, આશરે ક્ષેત્રફળ ૧૫૧.૮૦ ચો.મી. છે. તે શ્રી મહેશકુમાર રતનલાલ જોધવાણીની માલિકીનું છે. ( જે મે. રાજ પિકચર હાઉસ ના ખાતામાં ગીરો મુકેલ છે.) | **મે. રાજ સનમાઇકા સેન્ટર,** રૂા.૧,૮૦,૩૩,૩૩૬/- (રૂપિયા એક કરોડ એસી લાખ તેત્રીસ હજાર ત્રણસો છત્રીસ પુરા) વત્તા લાગુ ન કરાયેલ (અન-એપ્લાઇડ) વ્યાજ અને અન્ય ચાર્જીસ જે જો કોઇ વસુલાત થઇ હોય તે બાદ કરીને. અને **મે. રાજ પિકચર હાઉસ,** રૂા.૩,૭૨,૯૮,૨૫૯/- (રૂપિયા ત્રણ કરોડ બોંતેર લાખ અઠ્ઠાણું હજાર બસો ઓગણ સાઇઠ પુરા) વત્તા લાગુ ન કરાયેલ (અન-એપ્લાઇડ) વ્યાજ અને અન્ય ચાર્જીસ જે જો કોઇ વસુલાત થઇ હોય તે બાદ કરીને. | **અનામતની રકમ : રૂા.૧,૦૦,૮૦,૦૦૦/-** (રૂપિયા એક કરોડ એંસી હજાર પુરા) **ઇ.એમ.ડી.ની રકમ : રૂા.૧૦,૦૮,૦૦૦/-** (રૂપિયા દસ લાખ આઠ હજાર પુરા) **બીડ વધારવાની રકમ : રૂા.૨૫,૦૦૦/-** (રૂપિયા પચીસ હજાર પુરા) | ભૌતિક- (ફીઝીકલ) કબજો | **તારીખ** : ૦૪/૦૬/૨૦૨૬ **સમય** : બપોરે ૦૨.૦૦ વાગ્યા થી સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધી (૧૦ મિનીટનું અમર્યાદિત વિસ્તરણ(એક્ષટેન્શન) |

**મિલકત નિરિક્ષણની તારીખ :** ૨૫/૦૫/૨૦૨૬ અને ૨૬/૦૫/૨૦૨૬ (અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને) અને મિલકત નિરિક્ષણ નો સમય : સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરનાં ૪.૦૦ વાગ્યા સુધી છે. **નોંધ : લોટ નં.૧ માટે.** : યુનિટ નં.૧૧-એ અને ૧૧-બી માટે બે વેચાણ કરાર છે. તેથી સફળ એચ૧ બીડર/ ખરીદનારના પક્ષમાં બે કન્વેયન્સ ડીડ કરવામાં આવશે.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે અમારી વેબસઇટ : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઇન પોર્ટલ Baanknet.com ની લીક પર જુઓ. તેમજ ઇચ્છુક બીડરોએ અધિકૃત અધિકારી શ્રી એ.કે.ચૌધરી, મુખ્ય પ્રબંધક, મો.નં.૭૪૮૬૦૧૩૯૮૫ અથવા શ્રી વિવેક કુલ્હારી, સીનીયર મેનેજર, મો.નં.૮૨૦૯૪૩૩૪૧૧ અથવા શ્રી બ્રિજેશ શાહ, મેનેજર, મો.નં.૯૮૨૪૦૨૭૯૯૧ નો સંપર્ક કરવો.

**(સરકારશ્રીનાં કાયદા મુજબ સ્થાવર મિલકતનાં વેચાણ ઉપર લાગુ પડતો જીએસટી/ટીડીએસ વેરો ખરીદદારે ચુકવવાનોરહેશે.)**

વિગતવાર નિયમો અને શરતો માટે અહી સ્કેન કરો.

**સરફેસી કાયદા અંતર્ગત ઋણકર્તા / જામીનદાર / ગીરોકર્તા ને ૧૫ દિવસની કાનૂની નોટિસ**

ઉપર દર્શાવેલ ઋણકર્તાઓને આથી કલમ ૧૩(૨)ની નોટિસમાં દર્શાવેલ પુરેપુરી રકમ હરાજીની તારીખ અગાઉ ચુકવવા જણાવવામાં આવે છે. તેમ કરવામાં કસૂર કરશો તો મિલકતોની હરાજી / વેચાણ કરાશે અને જે કોઇ બાકીની રકમ રહેશે તે વ્યાજ અને ખર્ચા સહિત ઋણકર્તા / જામીનદાર / ગીરોકર્તા પાસેથી વસુલવામાં આવશે.

**તારીખ : ૦૯.૦૫.૨૦૨૬**
**સ્થળ : અમદાવાદ**

**સહી/-**
**અધિકૃત અધિકારી, બેન્ક ઓફ બરોડા**